વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાંચ નિગમોને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન બાબત નવી બાબત રૂ.૫૭૫૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૨૦/૪૮૨૦૪૧/ન.બા-૦૧/અ૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૪/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:-

**(૧) આ વિભાગનો તા.૨૪/૦૫/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૨૦/૪૮૨૦૪૧/ન.બા-૦૧/અ.૧**

**સુધારા હુકમ:**

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના તા.૨૪/૦૫/૨૦૨૧ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના પાંચ નિગમોને વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણની લોન આપવા માટે રૂ.૫૭૫૦.૦૦લાખ (અંકે રૂપિયા સત્તાવનો પચાસ લાખ પુરા)ની નીચે મુજબની રીતે ફાળવણી કરી વહીવટી મંજુરી આપવામાં આવેલ.

| ક્રમ | વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નિગમ | નિગમ દીઠ રકમની વહેંચણી (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લિ. | ૧૦૯૦.૫૧ |
| ૨ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. | ૧૨૮૮.૮૧ |
| ૩ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. | ૧૧૮૯.૬૬ |
| ૪ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ લિ. | ૧૦૯૦.૫૧ |
| ૫ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. | ૧૦૯૦.૫૧ |
| | કુલ | ૫૭૫૦.૦૦ |

ઉક્ત ઠરાવની શરત નં.૨માં શરતચુકથી "આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત

ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે" દર્શાવેલ છે. તેના બદલે "આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે" તે મુજબ વાંચવાનું રહેશે.

આ જ ઠરાવના છેલ્લા ફકરામાં શરતચુકથી "આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે" દર્શાવેલ છે. તેના બદલે "આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે" તે મુજબ વાંચવાનું રહેશે.

આ વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૧ના સમાન ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ સુધારા હુકમ સમાન ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.03/06/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ.કે.પાઠક)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ.